# Rectification Application or Appeal?

જી. એસ. ટી. કાયદાની પ્રેકટીસમાં ઘણી વખત ત્રિભેટે આવીને ઉભા રહેવાનું થાય છે. અધિકારીશ્રી દ્વારા પસાર કરવામાં આવેલા આદેશ સામે રેકટીફીકેશન અરજી કરવી કે અપીલ ફાઈલ કરવી ? આ પ્રશ્નનો યોગ્ય નિર્ણય લેવા માટે આ લેખ ચોકકસ મદદરૂપ થશે તે માટે આપણે કાયદાની જોગવાઈઓ તથા મર્યાદા ઓ નું વિશ્લેષણ કરીએ.

## (૧) ભૂલ સુધારણા અરજી :–

સી. જી. એસ. ટી. કાયદાની કલમ ૧૬૧ અનુસાર ઇશ્યુ કરનાર ઓથોરીટી પોતાની જાતે જ અથવા સેન્ટ્રલ જી. એસ. ટી. અથવા સ્ટેટ જી. એસ. ટી. ના અન્ય અધિકારી અથવા તો affected person દ્વારા દેખીતી ભૂલ ( error apparent on face of record ) ઓર્ડર, નોટીસ, સર્ટીફીકેટ ઇશ્યુ કર્યા ના ત્રણ માસમાં ધ્યાને લાવવામાં આવે તો આવા ઓર્ડર, નોટીસ, સર્ટીફીકેટમાં રહેલી ભૂલ સુધારણા કરી શકશે. પરંતુ આવો ઓર્ડર, નોટીસ, સર્ટીફીકેટ ઇશ્યુ થયાના છ માસ પછી કોઈ ભૂલ સુધારણા થઈ શકશે નહિ.

પરંતુ જયારે માત્ર કલેરિકલ અથવા આંકડાકીય ગણતરીમાં લખવામાં અથવા ગફલતથી કોઈ ભૂલ રહી ગઈ હોય તો આવી ભૂલ સુધારણા કરવા માટે ૬ (છ) માસના સમયગાળાનું બંધન લાગુ પડશે નહિ એટલે કે આવી ભૂલ સુધારણા ગમે ત્યારે થઈ શકશે.

હાલમાં જી. એસ. ટી. પોર્ટલ ઉપર નોટીસમાં રહેલી ભૂલ સુધારણા માટેનો કોઈ ઓપ્શન ઉપલબ્ધ નથી. સી. જી. એસ. ટી. કાયદાને ધ્યાને લઈ નોટીસ માં રહેલી ભૂલ સુધારણા કરવાનો ઓપ્શન પણ ઓનલાઈન આવવો જોઈએ.

ભૂલ સુધારણા કરવા થી કોઈપણ વ્યકિતને પ્રતિકુળ અસર થવાની સંભાવના હોય ત્યારે ઓથોરીટી દ્વારા કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુસરી સાંભળવાની તક આપીને આવી ભૂલ સુધારણા અરજી નો નિર્ણય કરવો જોઈએ.

આમ જયારે કોઈ નોટીસની ગણતરીમાં ભૂલ હોય, કોઈ ઓર્ડરમાં ગણતરીમાં ભૂલ હોય, કોઈ ડોકયુમેન્ટસ અથવા રજૂઆત અધિકારીશ્રી દ્વારા ઓર્ડર કરતા પહેલા ધ્યાને લેવામાં આવેલી ન હોય ત્યારે જે તે આદેશ વિરૂધ્ધ અપીલ કરવી કે ભૂલ સુધારણા અરજી કરવી આવા પ્રશ્નો સામે આવીને ઉભા રહે છે. આવા સંજોગોમાં નીચેના મુદ્દાઓ ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરવો.

**૧)** કોઈપણ આદેશ સામે અપીલ કરતા પહેલા ઉભી થયેલી ડીમાન્ડ પૈકી સ્વીકારેલી ડીમાન્ડની સંપૂર્ણ રકમ તથા વિવાદાસ્પદ ડીમાન્ડ ની રકમના ૧૦% પ્રી ડીપોઝીટ કરવી ફરજીયાત છે. ભૂલ સુધારણા અરજી કરતા પહેલા આવી કોઈ પ્રી ડીપોઝીટ કરવી ફરજીયાત નથી.

**૨)** અપીલમાં ભૂલ સુધારણા પાત્ર મુદ્દા સિવાય પણ અન્ય કોઈ કાયદાકીય મુદ્દા તેમજ ટેકનીકલ મુદ્દા પણ લઈ શકાય તેમ હોય ત્યારે ભૂલ સુધારણા અરજી કરવાને બદલે અપીલ કરવી હિતાવહ છે. કારણકે કાયદાકીય કે ટેકનીકલ મુદ્દા ભૂલ સુધારણા અરજીમાં ધ્યાને લઈ શકાય નહિ.

૩) ઓર્ડરમાં દેખીતી ગણતરી અથવા લખવાની ભૂલને કારણે ટેક્ષ ટીમાન્ડ ખૂબ વધી જતી હોય એવા સંજોગોમાં ભૂલ સુધારણા અરજી કરી સુધારેલો આદેશ મેળવી સુધારેલા આદેશ સામે અપીલ કરવા નો ઓપ્શન લઈ શકાય

૪) મોટા ભાગના કેસમાં ભૂલ સુધારણા અરજી સમયસર કરવામાં આવી હોવા છતા ડીપાર્ટમેન્ટ દ્વારા ભૂલ સુધારણા અરજીનો સમયસર નિકાલ કરવામાં આવતો નથી. તેમજ જયારે પાછળથી ભૂલ સુધારણા અરજી રીજેકટ કરવામાં આવે અને પ્રથમ અપીલનો સમય (ઓર્ડર બજવણીની તારીખથી ત્રણ માસ) તેમજ પ્રથમ અપીલ કરવામાં થયેલો વિલંબ દર ગુજર (delaycondon) કરવાની સમય મયાર્દા પણ પૂર્ણ થઈ હોય તેવુ બને છે. આવા કિસ્સામાં સ્ટેટ એપલેટ ઓથોરીટી દ્વારા પ્રથમ અરજી સમય મયાર્દા ના બેઝ ઉપર રીજેકટ કરવામાંઆવે છે. આ નિર્ણયો ભૂલ ભરેલા છે.

૧) શ્રી રામજેયામ એન્જીનિયરીંગ ઈન્ડસ્ટ્રીઝ vs ડેપ્યુટી કમિશ્નર (ST) 2025 27 centax 272 (Mad) તેમજ

૨) એસ. પી. કે એન્ડ કું vs સ્ટેટ ટેક્ષ ઓફિસર, રામનાથનપુરમ (2024) 25 centax 410 (Mad)

ચુકાદાઓ અનુસાર ઓરીજનલ આદેશ સામે અપીલ કરવાની સમય મર્યાદા ભૂલ સુધારણા અરજીનો આદેશ થયા તારીખ થી ગણાવાની શરૂ થવી જોઈએ. પરંતુ હાલમાં આ મુદે માનનીય ગુજરાત હાઈકોર્ટ ના કોઈ ચૂકાદા અથવા સેન્ટ્રલ ગર્વમેન્ટ અથવા રાજય સરકાર દ્વારા કોઈ જાહેર સુચના અથવા માર્ગદર્શન આપવામાં આવેલ ન હોય આ બાબતે ભવિષ્યમાં ઘણા બધા વિવાદો થવા ની શકયતા છે. માટે કેન્દ્ર સરકાર દ્વારા ઉપરોકત બાબતે તુરંત કોઈ પરીપત્ર આપે તે જરૂરી છે.

૫) ઘણા બધા કેસમાં શો કોઝ નોટીસના જવાબમાં રજૂ કરેવામા આવેલી દલીલ ઘ્યાને લીધા સિવાય ઓર્ડર પસાર કરી દેવામાં આવે છે. આવા સંજોગો માં રેકટીફીકેશન અરજી કરવાને બદલે અપીલ ફાઈલ કરવી વધારે હિતાવહ છે.

૬) ભૂલ સુધારણા અરજી રીજેકટ કરવામાં આવે અને જો ઓરીજનલ આદેશમાં ખરેખર દેખીતી ભૂલ હોય તો ભૂલ સુધારણા રીજેકશન સામે પણ અપીલ ફાઈલ કરી શકાય

આમ જયારે ઉપર મુજબના સંજોગોમાં અપીલ કે રેકટીફીકેશન નો નિર્ણય લેવાનો થાય ત્યારે અપીલ પ્રી ડિપોઝીટની રકમ રેકટીફીકેશન અરજી સ્વીકાર થવાના ચાન્સીસ તેમજ અપીલ માટેના અન્ય મુદ્દાઓ છે કે કેમ તે ઘ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવો જોઈએ.